# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બ્રાઝીલ મુલાકાત દરમિયાન આજે બંને દેશો વચ્ચે ચાર કરાર પર હસ્તાક્ષર થશે.**
2. **નાણાંમંત્રી નિર્મળા સિતારમણે કહ્યું, બ્રિક્સ સમાવેશી બહુપક્ષવાદને આગળ વધારવાનો મહત્વપૂર્ણ મંચ.**
3. **અત્યાર સુધી 93 હજાર શ્રધ્ધાળુઓએ કાશ્મીરમાં અમરનાથના પવિત્ર શિવલિંગનાં દર્શન કર્યા.**
4. **ઇઝરાયલના પ્રધાનમંત્રી નેતન્યાહૂએ નોબેલ શાંતિ પુરસ્કાર માટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નામાંકન કર્યું.**
5. **વિશ્વના નંબર વન ખેલાડી જૈનિક સિનર વિમ્બલ્ડન ટેનિસ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM BRICS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રાસિલિયામાં બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સાથે વાતચીત કરશે. ભારતના પ્રધાનમંત્રીની મુલાકાત દરમિયાન બંને દેશ ચાર કરારો પર હસ્તાક્ષર થાય  તેવી શક્યતા છે...

શ્રી મોદી રિયો ડી જાનેરોમાં 17મા બ્રિક્સ સંમેલનમાં હાજરી આપ્યા બાદ ગત રાત્રે રાજ્ય મુલાકાતે બ્રાસિલિયા પહોંચ્યા હતા.

બ્રાઝિલની રાજધાનીમાં પહોંચતા પ્રવાસલી ભારતીય સભ્યો દ્વારા પ્રધાનમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ સ્વાગતથી પ્રભાવિત થઈને, પ્રધાનમંત્રી મોદીએ તેને "યાદગાર સ્વાગત" ગણાવ્યું અને પ્રવાસી ભારતીયોને તેમના મૂળ સાથે જોડાયેલા રહેવા બદલ અભિનંદન આપ્યા હતા.

પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમની બ્રાઝિલ મુલાકાતનો તબક્કો ઘણો ફળદાયી રહ્યો. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું બ્રિક્સ સંમેલનમાં તેમની સાથે વ્યાપક ચર્ચા થઈ હતી. તેમણે આ મંચને વધુ અસરકારક બનાવવા તેમના બ્રિક્સ પ્રેસિડેન્સી દ્વારા કરાયેલા કાર્ય માટે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ અને બ્રાઝિલ સરકારની પ્રશંસા કરી. તેમણે ઉમેર્યું વિશ્વ નેતાઓ સાથેની તેમની દ્વિપક્ષીય બેઠકો વિવિધ દેશો સાથે ભારતની મિત્રતાને પણ વધુ વેગ આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM MODI - NAMIBIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી નામિબિયા પ્રવાસમાં બંને દેશ વચ્ચે આર્થિક ભાગીદારીને નવી ઉંચાઈએ લઈ જવાનો પ્રયાસ કરાશે. પ્રવાસ દરમિયાન ખાસ કરીને ઑઈલ અને ગેસ, હાઈડ્રોકાર્બન અને દુર્લભ પૃથ્વી તત્વો જેવા ક્ષેત્રમાં સહકારની સંભાવના પર ધ્યાન કેન્દ્રીત કરાશે. નામિબિયામાં ભારતના હાઈ કમિશનર રાહુલ શ્રીવાસ્તવે આકાશવાણી સાચાર સાથેની વિશેષ વાતચીતમાં કહ્યું, નામિબિયા સંશાધનોથી સમૃદ્ધ દેશોમાંથી એક છે અને એટલે કે, આ ક્ષેત્રોમાં ભારત-નામિબિયા વચ્ચે વ્યાપક સહકારની અપેક્ષા છે.

તેમણે કહ્યું, પ્રવાસનો એક મુખ્ય ઉદ્દેશ બંને દેશ વચ્ચે "યુનિફાઈડ પેમેન્ટ ઇન્ટરફેસ" એટલે કે U.P.I.ની પરસ્પર સ્વીકૃતિને પ્રોત્સાહન આપવાનો પણ હશે, જેનાથી ભારતીય વ્યવસાયો અને નામિબિયાના સામાન્ય લોકોને લાભ થશે. આ ઉપરાંત આ પ્રવાસ બાદ નામિબિયા આંતર-રાષ્ટ્રીય બિગ કેટ ગઠબંધન અને વૈશ્વિક જૈવ ઈંધણ ગઠબંધન જેવી ભારતની મુખ્ય વૈશ્વિક પહેલોમાં સામેલ થવાની આશા છે.

પ્રસ્તુત છે નામિબિયાથી અમારાં સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ...

(V/C- APARNA KHUNT)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SITHARAMAN-BRICS

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું સમાવેશી બહુપક્ષીયતાને આગળ વધારવા બ્રિકસ એક મહત્વપૂર્ણ મંચ છે, અને ખાસ કરીને જ્યારે વૈશ્વિક સંસ્થાઓ કાયદેસરતા અને પ્રતિનિધિત્વની કટોકટીનો સામનો કરી રહી છે, ત્યારે તેમણે સહયોગને મજબૂત કરીને, વિશ્વસનીય સુધારાઓની હિમાયત કરીને અને વૈશ્વિક દક્ષિણના સહકારથી  નેતૃત્વ કરવું જોઈએ.

ગઈકાલે રિયો ડી જાનેરોમાં બ્રિકસ નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની બેઠકને સંબોધતા તેમણે મજબૂત સ્થાનિક માંગ, વ્યાપક આર્થિક વ્યવસ્થાપન અને લક્ષિત રાજકોષીય પગલાંના સંયોજન દ્વારા ભારતની સ્થિતિસ્થાપકતા પર પ્રકાશ પાડ્યો.

નાણાં મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વેપાર અને નાણાકીય પ્રતિબંધો સામે ભારતની નીતિગત પ્રતિક્રિયા બજારોમાં વિવિધતા લાવવા, માળખાગત-સંચાલિત વિકાસને પ્રોત્સાહન આપવા તેમજ સ્પર્ધાત્મકતા અને ઉત્પાદકતાને વેગ આપવાના હેતુથી માળખાકીય સુધારાઓના અમલીકરણ પર કેન્દ્રિત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# AMARNATH YATRA

આજે અમરનાથજી યાત્રાનો છઠ્ઠો દિવસ છે. ત્રીજી જુલાઇથી શરૂ થયેલી 38 દિવસની અમરનાથ યાત્રા નિર્વિઘ્ને ચાલી રહી છે. કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ 7541 યાત્રાળુઓની બીજી ટુકડી, આજે સવારે ભગવતી નગર યાત્રી નિવાસ આધાર શિબિરથી રવાના થઈ હતી.

સાંભળીએ અમારા શ્રીનગરના સંવાદદાતાનો અહેવાલ

## (VOICE CAST TARIQ RATHER)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP-NETANYAHU TALKS

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ "શાંતિ સ્થાપવામાં" શ્રી ટ્રમ્પની ભૂમિકાનો ઉલ્લેખ કરીને નોબેલ શાંતિ પુરસ્કાર માટે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નામાંકન કર્યું છે.

વ્હાઇટ હાઉસ ખાતે એક ખાનગી રાત્રિભોજન દરમિયાન, શ્રી નેતન્યાહૂએ વ્યક્તિગત રીતે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને નોબેલ સમિતિને મોકલવામાં આવેલા નામાંકન પત્રની નકલ સોંપી. તેમણે ખાસ કરીને પશ્ચિમ એશિયામાં શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે શ્રી ટ્રમ્પના પ્રયાસોની પ્રશંસા કરી

બેઠક દરમિયાન, શ્રી નેતન્યાહૂએ ગાઝામાંથી પેલેસ્ટિનિયનોને સ્થળાંતરિત કરવા અને સંઘર્ષગ્રસ્ત દરિયાકાંઠા વિસ્તારને વૈભવી વોટરફ્રન્ટમાં ફેરવવાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના વિવાદાસ્પદ પ્રસ્તાવને પણ સમર્થન આપ્યું. ગાઝામાં ઇઝરાયલ દ્વારા ચાલી રહેલી લશ્કરી કાર્યવાહીની વધતી જતી વૈશ્વિક ટીકા વચ્ચે બંને નેતાઓએ આ મુલાકાત યોજી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WIMBELDON

વિશ્વના નંબર વન ખેલાડી જૈનિક સિનર વિમ્બલ્ડન ટેનિસ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયા છે. બલ્ગેરિયાના ગ્રિગોર

દિમિત્રોવ ઇજાને કારણે બહાર થયા બાદ સિનર સ્પર્ધામાં આગળ વધ્યા છે.

અગાઉ ગ્રિગોર દિમિત્રોવે પ્રારંભિક બે સેટ જીતીને સરસાઈ મેળવી લીધી હતી, પણ છાતીની માંસપેશીઓમાં ઇજા થતાં તેમને મેચ છોડવી પડી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## KASHMIR TOURISM

પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું છે કે, 22મી એપ્રિલે પહલગામમાં ત્રાસવાદી હૂમલા બાદ કાશ્મીરમાં પર્યટકો વધી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર અને કેન્દ્ર સરકારના સંકલિત પ્રયાસોથી જનતાનો વિશ્વાસ ફરી સ્થાપિત થયો છે.

શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે રાષ્ટ્રીય પ્રવાસન સચિવોની પરિષદથી અલગ મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે કેન્દ્ર દ્વારા સમર્થિત જમ્મુ અને કાશ્મીર સરકારની મજબૂત પહેલ પ્રવાસીઓ અને પ્રવાસન હિતધારકોમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી રહી છે.

(બાઇટ- ગજેન્દ્રસિંહ શેખાવત)

અમારા સંવાદદાતા જણાવે છે કે, પરિષદમાં 2025-26 માટે પર્યટન સંબંધિત જાહેરાતો જેવા રાષ્ટ્રીય સ્તરનાં નીતિ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે.

**(VOICECAST -**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD

હવામાન વિભાગે આજે છત્તીસગઢ, પૂર્વ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઓડિશા, પંજાબ, તેલંગાણા, ઉત્તરાખંડ અને વિદર્ભમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન સંસ્થાએ ચાર દિવસ પશ્ચિમ દરિયાકાંઠાના દેશના ઉત્તર-પશ્ચિમ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે. આજે રાજધાની દિલ્હીમાં પણ હળવાથી સામાન્ય વરસાદની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .